Extra No. 82

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **WEDNESDAY, MARCH 18, 2026 / PHALGUNA 27, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

:: જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી, સી અન્વયે કાઢેલ

ક્રમાંકઃટ્રાફિક/માલવાહક ભારે વાહન-પ્રતિબંધ/જાહેરનામું/૧૨૧૫ /૨૦૨૬- સુરત શહેરનાં હદ વિસ્તારમાં થયેલ વધારા તથા સુરત શહેરમાં વધતા જતાં અકસ્માતો ઉપર નિયંત્રણ કેળવવા તથા જાહેર જનતાની સલામતી જળવાઇ રહે અને સુલેહ-શાંતિનો ભંગ ન થાય તેમજ અસુવિધા, ભય અને અડચણ દુર કરી ટ્રાફિકનું નિયમન સરળ, સુચારૂ અને સલામત રીતે થાય તેમજ શહેરમાં બનતા પ્રાણઘાતક અકસ્માતો અંકુશમાં લાવી શકાય તે હેતુસર, જાહેર જનતાના હિતાર્થે માલવાહક ભારે વાહનોનાં સુરત શહેરમાં પ્રવેશ તથા હેરફેર/અવર-જવર અને જાહેર રસ્તા પર પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવા સારૂ અત્રેની કચેરીનાં ક્રમાંક:ટફક/માલ વાહક ભારે વાહન-પ્રતિબંધ/જાહેરનામું/૭૩૩/૨૦૧૯, તા.૦૯/૦૫/૨૦૧૯ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરી અમલમાં મુકવાનું નક્કી કરવામાં આવેલ છે.

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી, સી મુજબ મને મળેલ સત્તાની રૂએ, સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના નીચે જણાવેલ વિસ્તારની અંદર માલવાહક ભારે વાહનોનાં પ્રવેશ તથા હેરફેર/અવર-જવર અને જાહેર રસ્તા પર પાર્કિંગ કરવા ઉપર વ્યાજબી નિયંત્રણ મુકવાના નિર્ણય ઉપર આવેલ છું અને નીચે મુજબનો હુકમ કરું છું.

:: પ્રતિબંધિત કૃત્ય ::

સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા તથા અકસ્માત અંકુશમાં લેવા અર્થે સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના નીચે જણાવેલ વિસ્તારની અંદર કલાક:૦૮/૦૦ થી ૧૩/૦૦ તથા કલાક:૧૭/૦૦ થી ૨૨/૦૦ દરમ્યાન ભારે માલવાહક વાહનોના પ્રવેશ, અવર-જવર તથા જાહેર રોડ ઉપર પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. એટલે કે બપોરે કલાક: ૧૩/૦૦ થી ૧૭/૦૦ સુધી તથા રાત્રે કલાક:૨૨/૦૦ થી સવારે કલાક:૦૮/૦૦ વાગ્યા દરમ્યાન પ્રવેશ તથા હેરફેર/અવર-જવર માટે જાહેરનામામાં જણાવેલ વિસ્તાર મુજબ મુકિત આપવામાં આવે છે. પરંતુ કોઇપણ સંજોગોમાં જાહેર રોડ ઉપર લોડીંગ, અનલોડીંગ કે પાર્કિંગ કરી શકાશે નહી.

-: માલ વાહક ભારે વાહનો માટે શહેરમાં પ્રવેશવાના પ્રતિબંધિત માર્ગોની વિગત :-

1) કામરેજ તરફથી સુરત શહેર તરફ આવતા મુખ્ય રોડ ઉપર જે.પી. કાર્પ વિદ્યાસંકુલ સામેનાં ગેટ આગળનાં પોઇન્ટથી સુરત શહેર તરફ પ્રવેશ કરી શકશે નહી.

2) કઠોદરા ગામ તરફથી સુરત શહેર તરફ આવતા રોડ ઉપર ભક્તિ બંગલો (બુલેટ ટ્રેન પટ્ટા પાસે)થી આગળ સુરત શહેર તરફ પ્રવેશ કરી શકાશે નહીં.

3) વાવ તરફથી આવતા વાહનો બુલેટ ટ્રેન અંડરપાસથી આગળ સુરત શહેર તરફ પ્રવેશ કરી શકશે નહી.

4) એન્થમ સર્કલ તરફથી સિમાડા કેનાલ તરફ આવતા-જતા રોડ ઉપરથી સુરત શહેરની હદમાં (લસકાણા, સરથાણા, પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં) પ્રવેશ કરી શકાશે નહી.

5) એન્થમ સર્કલ તરફથી ગોપીન ગામ તરફ જતા રીંગ રોડ ઉપરથી રોડની પશ્ચિમ બાજુએ આવેલ લસકાણા, સરથાણા પોલીસ સ્ટેશનની હદમાં પ્રવેશ કરી શકાશે નહીં.

6) કામરેજ વાલક મેઈન રોડથી ઉત્તર તરફના અને તાપી નદીના દક્ષિણ તરફના વિસ્તાર ખોલવડ અને વાલક ગામના વિસ્તારમાંથી કામરેજ-વાલક મેઈન રોડ અને વાલક પાટીયા સર્કલથી રીંગ રોડ તરફ જતા રોડ ઉપર અને રીંગ રોડ ઉપર પ્રવેશ કરી શકાશે નહી.

7) કડોદરા હાઈવેથી સુરત શહેરમાં પ્રવેશ કરતા ભારે વાહનો વેડછા પાટીયાથી સુરત શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

8) વલથાણ પુણા ગામ હાઈવે તરફથી સુરત શહેરમાં પ્રેવશ કરતા ભારે વાહનો શીવ ફુડ કોર્ટ ત્રણ રસ્તા (હરિકૃષ્ણ વિલેજ હોટલથી પોદાર ઈન્ટરનેશન સ્કુલ વચ્ચે) આવેલ ગેપ આગળથી સુરત શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

9) કામરેજ અને કડોદરા તરફથી આવતા ફ્રુટ અને શાકભાજીના ભારે માલ વાહનો એન્થમ સર્કલથી કેનાલ રોડ અને નિયોલ ચેકપોસ્ટ તરફથી સરદાર માર્કેટ (એ.પી.એમ.સી. માર્કેટ) તથા ફ્રુટ માર્કેટ સર્કલ (કરણી માતા સર્કલ) સુધી આવી શકશે. પરંતુ આ પ્રકારના ખાલી ભારે માલ વાહનો પ્રતિબંધિત સમયમાં અવર-જવર/હેરફેર કરી શકશે નહી તેમજ પાર્કિંગ કરી શકશે નહી.

10) નેશનલ હાઈવે નં-૫૩ ઉપર ભાટીયા ચેક-પોસ્ટથી એસ.કે.નગર ચાર રસ્તા સુધી આવતા જતા ભારે માલવાહક વાહનો ડાબે/જમણે ટર્ન લઈ ભાટીયા ઓવરબ્રીજ પાસે, વાંઝ ગામ ઓવર બ્રીજ નીચે, ઈકલેરા ગામ તરફ જતા રસ્તા પાસે, આલ્ફા હોટલ પાસે, રાહત સોસાયટી પાસે, દિવ્યભાસ્કરની ગલી, સચીન સાતવલ્લા બ્રીજ પાસે, સચીન જી.આઈ.ડી.સી. ગેટ નં.-૦૧ પાસે, ગભેણી ચાર રસ્તા, ઈ-કોમ એમ્પ્રેસ પાસે, બુડીયા ચાર રસ્તા, ઈંડીયન ઓઈલ પેટ્રોલ પંપ પાસે જીઆવ સોનારી ગામ બાજુ જતા, દિપલી ગામ ચાર રસ્તા, ડુંડી ગામ ટી પોઈન્ટ, ખજોદ ચાર રસ્તા, આભવા ચાર રસ્તા, સર્વિસ રોડથી ગેલ કોલોની ચાર રસ્તા તરફ, એસ.કે.નગર ચાર રસ્તાથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

(11) ડુમ્મસ તરફથી આવતા ભારે માલવાહક વાહનો એસ.કે.નગર ચાર રસ્તાથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

12) હજીરા-સચીન હાઈવે ઉપર તેમજ ઈચ્છાપોર જંકશનથી એસ.કે.નગર ચાર રસ્તા સુધીના રોડ ઉપર ડાબે કિનારેથી કોઈ પણ ગલી નાકા કે અન્ય માર્ગોથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

13) સરોલી બ્રિજથી ઈચ્છાપોર જંકશન સુધી આવતા-જતા રોડ ઉપર આવેલ જેવા કે, દાંડી ફાટક ચાર રસ્તા, ભેંસાણ ચાર રસ્તા તેમજ અન્ય માર્ગોથી ડાબે / જમણે ટર્ન લઈ શહેરમાં પ્રવેશ કરી શકાશે નહી.

14) ઓલપાડ તરફથી આવતા ભારે માલવાહક ભારે વાહનો સરોલી બ્રિજ ઉતરી જમણે યુ ટર્ન લઈ, સરોલી બ્રિજ નીચેના ત્રણ રસ્તાથી હજીરા ઓ.એન.જી.સી. તથા વરિયાવ-સાયણ તરફ જઈ શકશે. પરંતુ બ્રિજ ઉતરી શાશ્વત રોડ થઈ અને જહાંગીરપુરા ત્રણ રસ્તા (સરોલી ચેક પોસ્ટ)થી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

15) વરિયાવ-સાયણ રોડ તરફથી આવતા ભારે માલવાહક વાહનો વરિયાવ ચેક પોસ્ટથી (આશારામ આશ્રમ રોડ થઈ) રાંદેર રોડ તરફ તેમજ અન્ય માર્ગ પરથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

16) વરિયાવ જંકશનની બાજુમાં આવેલ નવાપરા ચાર રસ્તાથી ભારે માલવાહક વાહનો શહિદ ભગતસિંહ વેડ-વરિયાવ બ્રિજ તરફ જઈ શકશે નહી.

17) ઈચ્છાપોર જંકશનથી અડાજણ રોડ તરફ આવતા ભારે માલવાહક વાહનો ભાઠાગામ ત્રણ રસ્તાથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

18) કઠોર, અબ્રામા, વેલંજા, ઉમરા, ગોથાણ, ભરથાણા તરફથી આવતા ભારે માલવાહક વાહનો ગોપીન સર્કલથી કષ્ટભંજન ચોક (આઉટર રીંગ રોડ)થી ડાબે ટર્ન લઈ, આશીર્વાદ બંગલોઝથી જમણે ટર્ન લઈ, લક્ષ્મીવાડી ફાર્મ પાસેના ચાર રસ્તા થઈ, કોસાડ ગામ સુધી આવતા-જતા રોડ ઉપર ડાબે / જમણે ટર્ન લઈ ગોપીન સર્કલથી મોટા વરાછા ચેક પોસ્ટ, આશીર્વાદ બંગલોઝથી આવકાર પાટી પ્લોટ, લક્ષ્મીવાડી ફાર્મ પાસેના ચાર રસ્તાથી સ્વામીનારાયણ સર્કલ, કોસાડ ગામ પાસેના ત્રણ રસ્તા (21.258847, 72.872567) થી કોસાડ ગામ (કોસાડ ગરનાળા) તરફ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી તેમજ અન્ય આંતરીક માર્ગોનો ઉપયોગ કરી શહેર વિસ્તારમાં જેમ કે, મોટા વરાછા, કોસાડ, ઉત્રાણ તરફ

પ્રવેશ કરી શકશે નહીં.

19) સાયણ-વરીયાવ તરફથી આવતા ભારે માલવાહક વાહનો વેદાંત ઈન્ડસ્ટ્રીયલ ત્રણ રસ્તાથી સાયણ ચેક પોસ્ટ થઈ, ડી.ડી.સ્પોર્ટ સર્કલ (વરીયાવ વાય જંકશન) સુધી આવતા-જતા રોડ ઉપર ડાબે / જમણે ટર્ન લઈ OSLC હાઉસ (વેદાંત ટેક્ષો) પાસેથી કોસાડ ગામ, વેદાંત ઈન્ડસ્ટ્રીયલ ત્રણ રસ્તાથી ગૃહમ સર્કલ, સાયણ ચેક પોસ્ટથી અમરોલી, ડી.ડી. સ્પોર્ટ સર્કલથી છાપરાભાઠા તરફ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી તેમજ અન્ય આંતરીક માર્ગોનો ઉપયોગ કરી શહેર વિસ્તારમાં જેમ કે, અમરોલી, કોસાડ, છાપરાભાઠા તરફ પ્રવેશ કરી શકશે નહીં.

20) કઠોર ગામમાં (૧) કઠોરગામના ગેટ પાસેથી (૨) ઈદગાહ ટેકરો પાસેથી (૩) અંબોલી ચાર રસ્તાથી તથા (૪) સહકાર બંગ્લોઝ પાસેથી ભારે વાહનો પ્રવેશ કરી શકશે નહી.

પોલીસ કમિશ્નર, સુરત શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી નીચેના માર્ગો ઉપર માલ વાહક ભારે વાહનોને ૨૪ કલાક અવર-જવરની છૂટ આપવામાં આવે છે.

1) હજીરા નોટીફાઈડ એરીયાથી ઓ.એન.જી.સી. સર્કલ, મગદલ્લા બ્રીજ, એસ.કે.નગર ચાર રસ્તા થઈ ડુમ્મસ સુધી તથા એસ.કે.નગર ચાર રસ્તાથી ખજોદ ચોકડી, જીઆવ ચાર રસ્તા, સચીન જી.આઈ.ડી.સી. ત્રણ રસ્તા, સાતવલ્લા બ્રીજ થઈ પલસાણા ટી-પોઈન્ટ, વેસ્મા ચોકડી થઈ નેશનલ હાઈવે નં.-૫૩ સુધીનો માર્ગ.

2) ઓ.એન.જી.સી. સર્કલ, ભેસાણ હાઈ-વે થઈ સરોલી ચેક પોસ્ટ થઈ સરોલી બ્રીજથી ઓલપાડ તરફ જઈ શકશે. તેમજ સરોલી બ્રીજ નીચેથી વરીયાવ રોડ થઈ છાપરાભાઠા ટી-પોઈન્ટથી સાયણ ચેક પોસ્ટથી વસવાડી ફાટક થઈ સાયણ રોડ થઈ નેશનલ હાઈવે નં.-૫૩ સુધીનો માર્ગ.

3) ઓલપાડ તરફથી આવતા ભારે વાહનો સરોલી બ્રીજ ઉતરી જમણી બાજુ વળી ભેંસાણ હાઈ-વે થઈ ઓ.એન.જી.સી. થઈ હજીરા તેમજ એસ.કે.નગર સચીન હાઈવે તરફ જઈ શકશે.

4) કામરેજ ચાર રસ્તા તરફથી આવતાં વાહનો શાકભાજી તથા ફુટ લાવતાં ભારે માલ વાહનો સીમાડા ત્રણ રસ્તાથી બી.આર.ટી.એસ. રોડ નહેરે-નહેરે થઈ પરવત પાટીયા થઈ સરદાર માર્કેટ (એ.પી.એમ.સી. માર્કેટ) તથા ફુટ માર્કેટ સર્કલ (કરણી માતા સર્કલ) સુધી આવી શકશે. પરંતુ ખાલી વાહન પ્રતિબંધ સમયમાં રોડ ઉપર અવર-જવર/હેરફેર તેમજ પાર્કીંગ કરી શકશે નહિ.

5) કડોદરા તરફથી આવતા શાકભાજી ફુટના ભારે માલ વાહનોને નિયોલ ચેક પોસ્ટ, પુણા કુંભારીયા, પરવત પાટીયા થઈ સરદાર માર્કેટ (એ.પી.એમ.સી. માર્કેટ) તથા ફુટ માર્કેટ સર્કલ સુધી આવી શકશે. પરંતુ ખાલી વાહનો પ્રતિબંધ સમયમાં રોડ ઉપર અવર-જવર/હેરફેર તેમજ પાર્કીંગ કરી શકશે નહિ.

6) આર.ટી.ઓ. કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવવા કે ફિટનેશ ટેસ્ટ માટે આવતા ભારે વાહનોને સવારે ક.૧૧/૦૦ થી ક.૧૮/૦૦ દરમ્યાન કોટ વિસ્તાર સિવાયના વિસ્તારમાં થઈને આવી જઈ શકશે પરંતુ જરૂરી કાગળો આધાર પુરાવા સાથે રાખવાના રહેશે.

:: અપવાદ ::

1) રાજય સરકાર, કેન્દ્ર સરકારની માલિકીના, આવશ્યક સેવાના તથા પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રીગેડ, એસ.ટી. બસ/સીટી બસ/BRTS ના વાહનોને પ્રતિબંધમાંથી મુક્તી આપવામાં આવે છે.

2) સુરત મહાનગરપાલિકાની માલિકીનાં તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી રાખવામાં આવેલ પીવાના પાણીના ટેન્કરોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

3) સુરત મહાનગરપાલીકા તરફથી રાખવામાં આવેલ શહેરમાંથી કચરાનું વહન કરતા વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવશે પરંતુ પોલીસની પરમીશન લેવાની રહેશે.

4) દુધ વહન કરતા વાહનો તથા સરકારી હોસ્પીટલનાં ભારે માલ વાહક વાહનોને પ્રવેશ અને અવર-જવર માટે મુકિત આપવામાં આવે છે.

5) પશુઓને દવાખાને લઈ જતાં વાહનોને મુકિત આપવામાં આવે છે.

6) ન્યુઝ પ્રિન્ટ તથા વર્તમાનપત્રો (પેપરો) લાવતા તથા લઈ જતા વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

7) જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ કે જેવી કે, રેશનીંગનું કેરોસીન, ડીઝલ-પેટ્રોલ લઈ આવતા જતા ટેન્કરો તથા એલ.પી.જી. ગેસ સીલીન્ડર ભરીને જતા ભારે માલવાહક વાહનો કે જેઓને માત્ર સુરત શહેરમાં જ વિસ્તરણ કરવાનું હોય તેવા વાહનોને મુકિત આપવામાં આવે છે.

8) સુરત મહાનગરપાલીકા તરફથી રોડ રસ્તા, ગટર, બ્રીજ વિગેરેના કામ અર્થે જે કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાકટ આપવામાં આવે છે. તેવા કામો માટે કોન્ટ્રાક્ટરોએ ભારે વાહનોને ઉપયોગમાં લેતી વખતે પોલીસ વિભાગની પરવાનગી લેવાની રહેશે.

(૯) સુરત શહેરમાં રેડીમીક્સ કોંક્રીટ લાવતા, લઈ જતાં માલવાહક ભારે વાહનો માટે પોલીસ વિભાગની પરવાનગી લેવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા પ્રસિદ્ધ થતા અગાઉનો જાહેરનામા ક્રમાંક:ટફક/માલ વાહક ભારે વાહન-પ્રતિબંધ/જાહેરનામું/૭૩૩/૨૦૧૯, તા.૦૯/૦૫/૨૦૧૯ આપો-આપ રદ ગણાશે.

આ જાહેરનામું તા.૦૬/૦૨/૨૦૨૬ નાં કલાક: ૦૦/૦૦ થી અમલમાં આવશે.

આજ રોજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત (શહેર).

હંગામી જાહેરનામું

ધી ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ

ક્રમાંક:ટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું/૨૪૬૩ /૨૦૨૬ - સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલવે બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે ગુલેરમેક સેમ ઈન્ડિયા કંપની દ્વારા મેટ્રો રેલ્વે સ્ટેશન બનાવવાનું કામ ચાલુમા હોય સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન, લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન અને કાપોદ્રા મેટ્રો સ્ટેશનના કામકાજવાળા માર્ગ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધિત જાહેરનામાં ક્રમાંક: ટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું/૧૩૩૭૮/૨૦૨૪ તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજથી એક વર્ષ માટે જાહેરનામાની મુદ્દતમાં વધારો કરવામાં આવેલ જે જાહેરનામાની મુદ્દત તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ પૂર્ણ થયેલ હોય જેથી પ્રોજેક્ટ મેનેજરશ્રી, ગુલેરમેક સેમ ઈન્ડિયા, સુરત નાઓએ સદર જાહેરનામાની મુદ્દતમાં પુન: એક વર્ષ સુધીનો વધારો કરવા અંગે અરજી કરેલ છે. તે ધ્યાને લઇ તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન, લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન અને કાપોદ્રા મેટ્રો સ્ટેશનના કામકાજવાળા માર્ગ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, IPS, પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેકટ અન્વયે સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન, લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન અને કાપોદ્રા મેટ્રો સ્ટેશનના ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી ટ્રાફીક સુચારૂ રીતે ચાલે અને ટ્રાફિકની કોઈ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરેલ જેમાં તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી મુદ્દતમાં વધારો કરવા અંગેનો હુકમ કરૂ છુ.

1) સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનનું બાંધકામ ચાલુમા છે જેથી લંબે હનુમાન રોડ જે.બી. ડાયમંડ સર્કલથી વસંતભીખાની વાડી સુધીનો રોડ બંધ રહેશે. સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે અવર-જવર કરવા માટે ૧.૫ મીટર જેટલો રસ્તો આપવામાં આવેલ છે.

2) સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનનું બાંધકામ ચાલુમાં છે. જેથી જય ખેતલા આપા ટી સ્ટોલ રાજકોટવાલા પાસે માતાવાડી સર્કલથી લાભેશ્વર પોલીસ ચોકી સુધી લંબે હનુમાન રોડ બંધ રાખવામાં આવેલ છે. સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે ૧.૫ મીટરનો રસ્તો આપવામાં આવેલ છે.

3) સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ કાપોદ્રા ખાતે અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનનું બાંધકામ ચાલુમા છે. જેથી કલાકુંજ રોડ ફિનિક્ષ સર્કલથી ઝડફિયા સર્કલ સુધીનો રસ્તો બંધ રહેશે. સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે ૦૪ મીટર જેટલો રસ્તો આપવામાં આવેલ છે.

:: વૈકલ્પિક રૂટ::

1) સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, સુરત રેલ્વે સ્ટેશન તરફથી આવતા તમામ વાહનો (ફોર વ્હીલર્સ અને ટુ વ્હીલર્સ સિવાય) લંબે હનુમાન રોડ પર જે.બી. ડાયમંડ સર્કલ પર બેટરીમોલ ખાતેથી જમણી તરફ વળાંક લેશે અને પછી IndiniYO ફેશન પર ડાબી બાજુએ વળી ત્રિકમનગર રોડ થઈને કાળીદાસ નગર ગણેશજી પંડાલ પાસે ડાબે વળી વાહનો બોમ્બે માર્કેટ રોડ થઈને લંબે હનુમાન રોડ પર વસંતભીખાની વાડી સર્કલ સુધી પહોંચી શકશે.

2) વસંતભીખાની વાડી સર્કલ તરફથી આવતા વાહનો મેક્સ કોર્પોરેશન પાસે જમણી તરફ વળીને તેઓ સહકારી બેંક રોડ થઈને વરાછા મેઈન રોડ પર ડાબે વળી વરાછા મેઈન રોડ પર જય માતાજી ચા પાસે પોદાર આર્કેડથી ડાબે વળી વાહનો લંબે હનુમાન પોલીસ ચોકીથી ડાબે વળી જે.બી ડાયમંડ સર્કલ સુધી પહોંચી શકશે સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૧.૫ મીટરનો રસ્તો આપવામાં આવશે.

૩) લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, માતાવાડી સર્કલ તરફથી આવતા તમામ વાહનો ઈશ્વરકૃપા રોડથી જમણી તરફ વળશે અને પછી મોરલીધર મોબાઈલ પર ડાબી બાજુ વળી અને ડાહ્યાપાર્ક સોસાયટી રોડ થઇ ભવનાથ હોટલ પાસેથી ડાબે વળી ભરતનગર થઈ માતાવાડી સર્કલ સુધી જઇ શકશે.

4) લાભેશ્વર પોલીસ ચોકી તરફથી આવતા વાહનો જમણી તરફ વળી અને લાભેશ્વર રોડ થઇ સદભાવના હોસ્પિટલ અને મેટરનિટી હોમથી ડાબે વળી વરાછા મેઈન રોડ પર આવશે અને ત્યારબાદ વરાછા મેઈન રોડ પર આવેલ પોશિયા ચિલ્ડ્રન હોસ્પિટલ પાસેથી ડાબે વળી વાહનો ભરતનગર રોડ થઈ માતાવાડી સર્કલ સુધી પહોંચી શકશે. સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૧.૫ મીટરનો રસ્તો આપવામાં આવશે.

5) કાપોદ્રા અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, હિરાબાગ અને કાપોદ્રા તરફથી આવતા વાહનો રચના સર્કલ તરફ જઇ અને લંબે હનુમાન રોડ થઈને વડવાળા સર્કલ થઈ અક્ષરધામ સોસાયટીથી ડાબે વળી વાહનો પુણાગામ રોડ થઈને કલાકુંજ રોડ પરના ઝડફિયા સર્કલ સુધી પહોંચી શકશે.

(6) ઝડફિયા સર્કલથી આવતા વાહનો જમણે બાજુ વળી પુણાગામ રોડ થઈને કાપોદ્રા ફાયર સ્ટેશનથી ડાબે વળી વરાછા મેઈન રોડ થઈને કાપોદ્રા સર્કલ પાસે ડાબે વળાંક લઈ રચના રોડ થઈને ફિનિક્ષ સર્કલ સુધી પહોંચી શકશે અને સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૦૪ મીટર જેટલો રસ્તો આપવામાં આવશે.

નોંધ: ઉપર્યુક્ત સમગ્ર માર્ગ "નો-પાર્કિંગ ઝોન રહેશે.

:: અપવાદ ::

આ જાહેરનામું ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા અન્ય ઈમરજન્સી વાહનો જેમ કે પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતાં અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ તથા લાગુ પડતી અન્ય કાનુની જોગવાઈઓ સહિત ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત (શહેર).

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.22 17:34:50 IST